GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૧૦૪૫૬ તા.- ૨૮/૧૨/૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

શાળા નં. ૧ થી તમામ શાળા તથા

તમામ ખાનગી માન્ય પ્રાથમિક શાળાઓ.સુરત.

**<u>વિષય</u> :- નામ-જાતિ-અટકના સુધારાના કેમ્પ રાખવા બાબત.**

**<u>સંદર્ભ</u>** :- અત્રેની કચેરીના પરીપત્ર નં. ૯૯૦૫,,તા.૦૭/૧૧/૨૦૨૩ના રિપોર્ટ અન્વયે....

આથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા માન્ય પ્રાથમિક શાળાઓનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, દરેક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓનાં નામ/અટક/પિતાનું નામ વગેરેમાં સુધારો કરવામાં માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત દ્વારા દર વર્ષે કેમ્પનું આયોજન કરે છે. જેમાં સુરત કોર્પોરેશનની તમામ શાળાઓનો સમાવેશ થયેલ છે. હાલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં નામ – જાતિ – અટકના કેમ્પનું આયોજન **<u>તા.૦૪/૦૧/૨૦૨૪ અને તા.૦૫/૦૧/૨૦૨૪ના રોજ સમય :- ૧૧ થી ૪ કલાક</u>** દરમિયાન નીચે મુજબના સ્થળોએ યોજવામાં આવેલ છે.

| ક્રમ | ઝોનનું નામ | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત કેમ્પની શાળા | નિરીક્ષકશ્રીનું નામ |
|---|---|---|---|
| ૧ | કતારગામ ઝોન | શાળા નં. ૧૮૮, ૩૪૪, સીંગણપોર, ગામતળ,સુરત | શ્રી જાગૃતિબેન તાવેથીયા |
| ૨ | રાંદેર ઝોન | શાળા નં.૧૭૦, રામમઢી, જહાંગીરપુરા, સુરત. | શ્રી રાગિણીબેન દલાલ |
| 3 | વરાછા ઝોન-A | શાળા નં.૮૩, ૮૬, મોહનભાઈની ચાલ, માતાવાડી, વરાછા રોડ, સુરત. | શ્રી કિશોરભાઇ વાઘાણી |
| | વરાછા ઝોન-B | | શ્રી વિરેન્દ્રભાઈ યાદવ |
| ૪ | સેન્ટ્રલ ઝોન | શાળા નં. ૧૨૩, નાગોરીવાડ, સૈયદપુરા,સુરત | ડૉ. નિમિષાબેન પટેલ |
| ૫ | લિંબાયત ઝોન | શાળા નં......૧૯૪,,,૧૯૬,,૨૫૩,, મ્યુનિસિપલ ટેનામેંટ પાસે, આંજણા,, સુરત. | શ્રી સોએબભાઈ અજમેરવાલા |
| ૬ | ઉધના ઝોન-A | શાળા નં. ૨૦૨,દેસાઈ ફળિયું, ઉધના ગામ, સુરત. | શ્રી કિર્તિબેન બોરસે |
| | ઉધના ઝોન-B | | શ્રી નુરોદ્દીનભાઈ શાહ |
| ૭ | અઠવા ઝોન | શાળા નં.૦૫ અને ૦૬, પોલીસ હેડકવાટર્સ, અઠવાલાઇન્સ, સુરત. | શ્રી ફકીર હસનશા.એ. |

ઉપરોક્ત બાબતે જે-તે ઝોન મુજબ સુરત કોર્પોરેશનની તમામ સરકારી/ખાનગી શાળાઓએ નામ-જાતિ-અટકના કેમ્પના સ્થળે આ સાથે જણાવેલ પુરાવા અસલ તેમજ પ્રમાણિત નકલ અને શાળાના જી.આરની સાથે ઉપસ્થિત રહેશો.

જેમાં તમામ શાળાઓના આચાર્યશ્રીઓએ નીચે મુજબ તૈયારી કરવાની રહેશે.

(1) વિદ્યાર્થી દીઠ શાળાના લેટર પેડ આચાર્યશ્રીના સહી –સિક્કા સાથે forwading લેટર.

(2) આ સાથે આપેલ નવું ફોર્મ જ શાળા કક્ષાએથી આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે ભરવાનું રહેશે. સદર ફોર્મમાં શાળાના જાવક નં. અને તારીખની નોંધ કરવાની રહેશે.

(3) અરજી સાથે તમામ પુરાવા અને વયપત્રક સાથે શાળાના આધિકૃત વ્યક્તિએ રૂબરૂમાં જ હાજર રહેવું..

ખાસ નોંધ:-૧) જે તે શાળાએ પોતાની શાળા જે ઝોનમાં આવેલી હોય તે ઝોનનાં કેમ્પમાં જ હાજર રહેવાનું રહેશે. વાલીશ્રીઓને મોકલવા નહીં.

૨) કેમ્પની તારીખ અને સમય દરમિયાન જ અરજી સ્વીકારવામાં આવશે ત્યારબાદ કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહી.

૩) અરજી ફોર્મમાં કોઈપણ છેકછાક કરેલી ચાલશે નહી તથા સંપૂર્ણ અને સ્પષ્ટ વિગતો સાથે અરજીરજૂ કરવાની રહેશે.

૪) ગેઝેટેડ અધિકારી દ્વારા કરેલ TRUE COPY જ માન્ય રાખવામાં આવશે.

28/12/23

વતી ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

સવિનય નકલ રવાના :- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અઠવાલાઇન્સ, સુરત. (જાણ તેમજ ખાનગી શાળાઓને જાણ કરવા અર્થે.)

નકલ રવાના :- તમામ નિરીક્ષકશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત તરફ અમલ અર્થે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

## -:નામ/જાતિ/અટક સુધારવા અંગે વાલીએ કરેલ અરજી:-

| | |
|---|---|
| શાળાનું નામ અને શાળા નંબર | |
| શાળાનું સરનામું,,આચાર્યશ્રીનો મોબાઈલ નંબર અને ઝોનનું નામ | |
| વિદ્યાર્થીનું હાલ શાળા કક્ષાએ નોંધાયેલ નામ | |
| નામ,,અટક ,,જાતિ સુધારવાનું મુખ્ય કારણ :--- | |
| (૧) હાલ વિદ્યાર્થી કયા ધોરણમાં અભ્યાસ કરે છે ? | ધોરણ :--- વર્ગ :- |
| (૨) અરજી કર્યા તારીખ :- | ________/______/__________ |
| (૩) અરજદાર વાલીનું પુરેપુરૂ નામ અને સરનામું :- મોબાઈલ નંબર | નામ:- |
| | સરનામું:- |
| | |
| | મોબાઈલ નંબર :- |
| (૪) અરજદારનું વિદ્યાર્થી સાથે સગપણ :- | |
| (૫) વિદ્યાર્થીનું પુરેપુરૂ સરનામું :- | |
| | |
| | |
| (૬) વિદ્યાર્થીનું જન્મ સ્થળ,,ગામ,,તાલુકો,,જીલ્લો | |
| (૭) હાલની શાળામાં જી.આર.માં નોંધાયેલ નામ,, અટક અને જાતિ :- | |
| | |

| | |
|---|---|
| (૮) પ્રથમ પ્રવેશ સમયે પ્રમાણપત્રમાં જણાવેલ<br>વિદ્યાર્થીની વિગત. | નામ :-<br>પિતાનું નામ:-<br>માતાનું નામ:-<br>જ્ઞાતિ :-<br>અટક :- |
| (૯) વયપત્રકમાં ખોટી અટક કઈ રીતે દાખલ થયેલ છે. યોગ્ય કારણ જાણ કરશો. | વિગત :--- |
| (૧૦) હવે પછી શાળાએ  સુધારીને રાખવાને રાખવાની વિગત :-- | નામ :- |
| | પિતાનું નામ:- |
| | માતાનું નામ:- |
| | અટક :- |
| | જ્ઞાતિ :- |
| (૧૨) જ્ઞાતિ સુધારવાના સમર્થનમાં ફસ્ટકલાસ મેજી.સમક્ષનું સોગંદનામું સામેલ છે કે કેમ ? | |
| (૧૩) જ્ઞાતિ સુધારણા સંબંધે (૧) મામલતદાર અથવા જવાબદાર અધિકારીની સહી સાથેનો જન્મતારીખનો દાખલો. | |
| (૨) વેકસીનેશન રજીસ્ટરનો ઉપરપ્રમાણેનો દાખલો | |
| (૩) વિદ્યાર્થીની માતાને જન્મેલા હયાત કે મૃત્યુ પામેલ અન્ય બાળકોનાં નામ સાથેની જન્મ તારીખ :- | |
| <u>અરજદારની (વાલીશ્રી)ની સહી:-</u> | |

આચાર્યશ્રીનાં સહી સિક્કા

# પ્રમાણપત્ર

૧. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આ શાળાનાં વિદ્યાર્થી નિયમિત આવે છે અને ધોરણ ________________ અને વર્ગ __________ માં અભ્યાસ કરે છે. અને તેનું નામ શાળાનાં વયપત્રક નંબર ______________ ઉપર ____________________________________ તરીકે નોંધયેલ છે.

૨. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ અરજી વિદ્યાર્થીના માતા / પિતા / વાલીએ કરી છે. અને મે અરજદારની સહીની ખાત્રી કરી છે.

૩.અરજી સાથે રજુ કરવામાં આવેલ પુરાવા ઉપર મને ખાત્રી થઈ છે. જેથી તેમની માંગણી સ્વીકારવામાં આવે તેવી ભલામણ છે.

૪.આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અરજદારે જણાવ્યા મુજબ વિદ્યાર્થીએ કોઈપણ જાહેર પરીક્ષા પાસ કરેલ છે / નથી.

૫. અરજીમાં જણાવેલ અટકમાં ફેરફાર કરવા અંગે કોઈ જ્યુડીશીયલ મેટર બને ત્યારે નામદાર કોર્ટ આધાર પુરાવા સહિત હાજર રહીશ.

સ્થળ :-

ઝોનનું નામ:-

જાવક નંબર :-

તારીખ :-

આચાર્યની સહી અને સિક્કા :-

આચાર્યનું નામ :-

સરનામું :-

મોબાઈલ નં. :-

# બીટ નિરીક્ષકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અરજદાર વિદ્યાર્થીશ્રી ............................................................ ની નામ/જાતિ/અટકમાં ફેરફાર અંગેના રજુ કરેલ તમામ પુરાવાઓ અને અરજદાર દ્વારા રજુ કરેલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ તમામ બાબતો સાચી છે. અને વિદ્યાર્થીના નામ / અટક અને જ્ઞાતિમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં કોઈ હરકત સરખુ નથી.

| વિગત | હાલમાં શાળા દફતરે થયેલ નોંધ | હવે પછી શાળા દફતરે સુધારો કરવાની નોંધ |
|---|---|---|
| નામ :- | | |
| વિદ્યાર્થીના પિતાનું નામ:--- | | |
| વિદ્યાર્થીના માતાનું નામ :-- | | |
| અટક :- | | |
| જ્ઞાતિ :- | | |
| | | |

અરજદાર વિદ્યાર્થીના <u>નામ</u>/ <u>વિદ્યાર્થીના પિતાનું નામ</u>/ <u>વિદ્યાર્થીના માતાનું નામ</u>/ <u>અટક</u>/<u>જાતિ</u>માં ______________ અને ________________પુરાવાના આધારે વિદ્યાર્થીના નામ/ વિદ્યાર્થીના પિતાનું નામ/ વિદ્યાર્થીના માતાનું નામ/ અટક/જાતિમાં શાળાના આચાર્યશ્રીની આવેલ અરજીના અનુસંધાને જરૂરી સુધારો કરવા આપ સાહેબને ભલામણ છે.જે અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :- બીટ નિરીક્ષકની સહી અને સિક્કા:-

ઝોનનું નામ :--

તારીખ :- બીટ નિરીક્ષકનું નામ :-

બીટ .................... તા. ........................

## -: નામ/અટક/જાતિના ફોર્મ સાથે જોડવાના યોગ્ય પુરાવા :-

### (A) વિદ્યાર્થીનું નામ બદલવા / સુધારો કરવા માટેના પુરાવા:-

1. નિયત ફોર્મ ( જરૂરી તમામ ભરેલ વિગતો અને સહી/સિક્કા સાથે )
2. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
3. વિદ્યાર્થીનો જૂનો જન્મ તારીખનો દાખલો.
4. વિદ્યાર્થીનો નવો જન્મ તારીખનો દાખલો.
5. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ ( પ્રવેશ સમયનું )
6. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )
7. અદ્યતન ગેઝેટની નકલ
8. કોર્ટનો હુકમ

### (B) વિદ્યાર્થીના પિતાનું નામ બદલવા / સુધારો કરવા માટેના પુરાવા :-

1. નિયત ફોર્મ
2. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
3. અદ્યતન ગેઝેટ ( પ્રમાણિત )
4. પિતાનું L.C નકલ
5. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ નકલ
6. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )
7. છૂટાછેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ ફરજિયાત મુકવાનો રહેશે. ( નોટરીથી કરેલ ડિવોર્સ માન્ય ગણાશે નહિ)
8. નવા લગ્નના કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર.
9. મૃત્યુના કિસ્સામાં પિતાનું અવસાન પ્રમાણપત્ર.
10. વિદ્યાર્થીનું દત્તકવિધાન
11. <u>ડિવોર્સના કિસ્સામાં હયાત પિતાની સંમતિ ( સોગંદનામા સ્વરૂપે) મુકવાની રહેશે, નહીતો અપવાદમાં માતાનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.</u>

**(C) <u>અટક બદલવા / સુધારો કરવા માટેના પુરાવા :-</u>**

1. નિયત ફોર્મ
2. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
3. પિતાનું L.C ની નકલ
4. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ.
5. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )
6. છૂટાછેડાના કિસ્સામાં કોર્ટનો હુકમ.
7. નવા લગ્નના કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર.
8. મૃત્યુના કિસ્સામાં પિતાનું અવસાન પ્રમાણપત્ર.
9. વિદ્યાર્થીનો જૂનો અને નવો જન્મ તારીખનો દાખલો.

**(D) <u>જ્ઞાતિ,પેટા જ્ઞાતિ બદલવા/સુધારા માટેના પુરાવા :-</u>**

1. નિયત ફોર્મ
2. વાલીની L.C ની નકલ
3. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
4. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ.
5. જાતિ અંગે સમાજકલ્યાણ વિભાગ અથવા લાગત મામલતદારશ્રીનો દાખલો.
6. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )

**(E) <u>વિદ્યાર્થીના નામ પાછળ પિતાના નામને બદલે માતાનું નામ સુધારવા માટેના પુરાવા:-</u>**

1. નિયત ફોર્મ.
2. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
3. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ.
4. પિતાના મૃત્યુના કિસ્સામાં અવસાનનો દાખલો ( લાગુ પડતો હોય તો )

5. માતાના નામનું સબ-રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ દત્તક વિધાન લેખ.
6. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )
7. અદ્યતન ગેઝેટની નકલ
8. વિદ્યાર્થીના જન્મનો દાખલો.

**(F)** <u>વિદ્યાર્થીના માતાનું નામ બદલવા / સુધારો કરવા માટેના પુરાવા :-</u>

1. નિયત ફોર્મ
2. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
3. વિદ્યાર્થીનો માતાના નામ સાથેનો જન્મનો દાખલો.
4. લગ્ન પ્રમાણપત્ર.
5. માતાનું અદ્યતન ગેઝેટ ( પ્રમાણિત )ની નકલ
6. માતાના L.C ની નકલ
7. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ.
8. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )

**(G)** <u>જાતિય પરિવર્તન અન્વયે વિદ્યાર્થીનું નામ અને જાતિ બદલવા / સુધારો કરવા માટેના પુરાવા :-</u>

1. નિયત ફોર્મ
2. ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અસલ એફીડેવીટ
3. વિદ્યાર્થીનો જૂનો જન્મનો દાખલો.
4. મેડીકલ બોર્ડનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર.
5. અદ્યતન ગેઝેટ
6. વાલીફોર્મ અથવા પ્રવેશફોર્મ.
7. અસલ શાળા વયપત્રક ( માત્ર રૂબરૂ ખરાઈ કરવા )
8. વિદ્યાર્થીનો નવો જન્મનો દાખલો.

**<u>ખાસ સૂચના</u>** :----

1) નિયત ફોર્મ યોગ્ય રીતે સાચી માહિતી સાથે ભરવાનું રહેશે. છેકછાકવાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ તથા **<u>ENGLISH MEDIUMનું ફોર્મ અંગ્રેજીમાં જ કેપિટલ લેટર્સમાં</u>** જ ભરવાનું રહેશે.
2) ગેઝેટની અદ્યતન નકલ જ રજુ કરવાની રહેશે.
3) રજૂ કરેલા પુરાવાની પ્રમાણિત નકલ સ્પષ્ટ વાંચન યોગ્ય હોવી જોઈએ. એકદમ ડાર્ક પ્રિન્ટ કે ઝાંખી પ્રિન્ટ મુકેલ ઝેરોક્ષ માન્ય ગણાશે નહીં.
4) અરજી સાથે જોડેલ તમામ ઝેરોક્ષ કરેલ નકલની ખરાઈ કરવા માટે ATTESTED અને TRUE COPY કરેલ ગેઝેટેડ અધિકારીશ્રી દ્વારા કરેલ ખરાઈ જ માન્ય ગણાશે. શાળાના આચાર્યના સહી-સિક્કા કરેલા માન્ય ગણાશે નહીં.
5) નોટરીથી કરેલ ડિવોર્સ/છુટાછેડા માન્ય ગણાશે નહીં. **<u>કોર્ટનો લગ્ન વિચ્છેદના હુકમની પ્રમાણિત નકલ મુકવી ફરજિયાત રહેશે.</u>**
6) જાતિ અંગેના પુરાવામાં જાતિનું પ્રમાણપત્ર તથા પિતાના LCની નકલ હોવી જોઈએ, અન્ય વ્યક્તિના જાતિના પુરાવા કે સમાજના પુરાવા માન્ય ગણાશે નહીં. અપવાદ રૂપ કિસ્સામાં વિદ્યાર્થીના દાદા તથા ડિવોર્સના કિસ્સામાં માતાના પુરાવામાં માન્ય ગણાશે.
7) શાળા કક્ષાએ ભરેલ વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ/વાલી ફોર્મની નકલ જેમાં વિદ્યાર્થીની શાળા કક્ષાએ રજીસ્ટર થયેલ માહિતી હોય (જે સુધારો કરવાની હોય) એ નકલ મૂકવી <u>ફરજિયાત</u> છે.
8) માતાના નામનો સુધારો કરવા માટે વિદ્યાર્થીનો જન્મનો દાખલો તથા મેરેજ સર્ટીની નકલ તેમજ અદ્યતન ગેઝેટ ફરજિયાત મુકવાનું રહેશે.
9) વિદ્યાર્થીનું જૂનું નામ જન્મના દાખલામાં હોય અને પાછળથી વિદ્યાર્થીનું નવું નામ બદલવા માટે વિદ્યાર્થીનો નવો જન્મનો દાખલો,,,જૂનો જન્મનો દાખલો અથવા ગેઝેટની નકલ મૂકવાની રહેશે.
10) જે વિદ્યાર્થીઓના ENGLISHમાં સુધારો કરવાનો હોય એના <u>પુરાવા પણ અંગ્રેજીમાં જ મૂકવાના રહેશે.</u> જેથી કરીને માંગ્યા મુજબ સુધારો કરી શકાય.
11) દત્તક વિધાન સબ રજીસ્ટર કચેરીમાં નોંધાયેલ હોય તે જ રજુ કરવાનું રહેશે. સ્ટેમ્પ પેપર પર બનાવેલ દત્તક વિધાન માન્ય ગણાશે નહિ.
12) ડિવોર્સના કિસ્સામાં વિદ્યાર્થીના વાલીમાં નવા વાલીશ્રીનું નામ તથા અટક લગાડવા માટે ગેઝેટ,,દત્તક વિધાન તથા સુધારેલો નવો જન્મનો દાખલો મુકવાનો રહેશે. તથા સાથે જો જાતિ પણ બદલવાની હોય એવા કિસ્સામાં નવા વાલીની જાતિનો દાખલો મુકવાનો રહેશે.

13) <u>ડિવોર્સના કિસ્સામાં હયાત પિતાની સંમતિ ( સોગંદનામા સ્વરૂપે) મુકવાની રહેશે, નહીતો અપવાદમાં માતાનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.</u>

14) જાતીય પરિવર્તન માટે અરજદારે મેડીકલ બોર્ડનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર તેમજ સોગંદનામું રજુ કરવાનું રહેશે.

15) શાળાના આચાર્યશ્રીએ શાળાના જવાબદાર કર્મચારીને જ સદર કેમ્પમાં અરજી અને ફોર્મ સાથે મોકલવાના રહેશે. કોઈ શાળાએ કેમ્પમાં કે કચેરી પર વાલીશ્રીઓને મોકલવાના નહિ. જેની ખાસ નોંધ લેવી.

16) અરજી અને ફોર્મ સાથે ૧૦૦/ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર જ સોગંદનામું કે બાંહેધરી ફરજિયાત મુકવાનું રહેશે.

17) વિદ્યાર્થીએ શાળા માંથી LC લઈને સુરતની બહાર અન્ય શહેરમાં એડમીશન લઇ લીધુ હોય એવા કિસ્સામાં જૂની શાળા અરજી કરી શકશે નહિ. વિદ્યાર્થીનો અભ્યાસ સદર શાળામાં ચાલુ હોય એ જ શાળાના અરજી/ફોર્મ માન્ય ગણી સ્વીકારવામાં આવશે.

18) શાળાના આચાર્યશ્રીએ દરેક વિદ્યાર્થીનું નવા જ ફોર્મ સાથે શાળાના લેટરપેડ પર વિદ્યાર્થીદીઠ અલગ અલગ અરજી કરી જાવક અને તારીખ ખાસ નોધવાના રહેશે.